### નવરાત્રિની આઠમ અને રામનવમીનો અદભૂત સંયોગ

# શક્તિ અને ભક્તિનો ત્રિવેણી સંગમ, દુર્ગાષ્ટમી અને રામનવમીની એકસાથે ભવ્ય ઉજવણી

**માઈ મંદિરોમાં** હોમ-હવન અને રામલલાના પ્રાગટ્યથી ભક્તોમાં અભૂતપૂર્વ ઉત્સાહ



(પ્રતિનિધિ વડોદરા. તા.26

ચૈત્રી નવરાત્રિના પાવન પર્વ પર આજે આસ્થા, શક્તિ અને ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાયો છે. વર્ષો બાદ તિથિઓના એવા મિલન થયા છે કે આજે એક જ દિવસે ‘દુર્ગાષ્ટમી’ અને ‘રામનવમી’ એમ બે મહાપર્વોની ઉજવણી કરવામાં આવી રહી છે. સવારથી જ માઈ મંદિરોમાં ગુંજતા નવાર્ણ મંત્રના જાપ અને બપોરે થનારા રામ જન્મોત્સવના વધામણાંથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે. તિથિનું ગણિત અને આધ્યાત્મિક સંયોગ પંચાંગના મતે, આજે સવારે 11:51 વાગ્યા સુધી અષ્ટમી તિથિ પ્રવર્તે છે, ત્યારબાદ તુરંત જ નોમ (નવમી) બેસે છે. આ નવમી તિથિ આવતીકાલે એટલે કે 27 માર્ચના રોજ સવારે 10:09 મિનિટ સુધી રહેશે. તિથિ, ઘડી અને પળના આ વિશિષ્ટ સંયોગને કારણે આજે શક્તિ પૂજા (હવનાષ્ટમી) અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામનો પ્રગટ ઉત્સવ એક જ દિવસે મનાવવાનું પુણ્ય ભક્તોને પ્રાપ્ત થશે. માઈ મંદિરોમાં શક્તિનો સાક્ષાત્કાર. આજના દિવસે માઈ મંદિરોમાં વિશેષ પૂજન-અર્ચનનું આયોજન કરવામાં આવ્યું છે. કારેલીબાગ સ્થિત બહુચરાજી મંદિર, માંડવીનું અંબામાતા મંદિર અને બેંક રોડ પર આવેલા મહાલક્ષ્મીજીના મંદિરોમાં આજે સવારથી જ વૈદિક મંત્રોચ્ચાર સાથે હવન-કુંડો પ્રજ્વલિત થયા છે. માતાજીના અભિષેક, ભવ્ય શણગાર અને નૈવેદ્યના દર્શન કરવા ભક્તોની લાંબી કતારો લાગી છે. વિદ્વાન બ્રહ્મર્ષિઓના માર્ગદર્શન હેઠળ આજે હવનમાં ‘નવાર્ણ મંત્ર’ની આહુતિઓ આપવામાં આવી રહી છે. માન્યતા છે કે આજના દિવસે હવન કરવાથી ઘરની તમામ અનિષ્ટ શક્તિઓનો નાશ થાય છે અને સુખ-શાંતિનો વાસ થાય છે. ખીર અને સફરજનનું નૈવેદ્ય નવરાત્રિના આઠમા દિવસે માં ‘મહાગૌરી’નું પૂજન કરવામાં આવે છે. શ્વેત વસ્ત્રધારી માતાજીના આ સ્વરૂપની પૂજા કરવાથી ભક્તોને અક્ષય સૌભાગ્ય અને માન-પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોક્ત વિધિ મુજબ, આજે માતાજીને વિશેષ રૂપે ખીર અને સફરજનનો ભોગ ધરાવવામાં આવે છે, જે ભક્તોમાં પ્રસાદ રૂપે વહેંચવામાં આવશે. બપોરે રામલલાના પ્રાગટ્યના વધામણાં થશે. જેમ અષ્ટમી પૂર્ણ થશે અને મધ્યાહ્નનો સમય થશે, તેમ શહેરના તમામ રામજી મંદિરોમાં જન્મોત્સવની ધૂમ મચશે. ‘ભય પ્રગટ કૃપાલા, દીનદયાલા...’ ના સૂર સાથે ભગવાન રામનો જન્મોત્સવ ઉજવાશે. શ્રદ્ધાળુઓ મા શક્તિની આરાધના કરી પ્રભુ શ્રીરામના આશીર્વાદ મેળવશે. આજના દિવસને ‘હવનાષ્ટમી’ કહેવામાં આવે છે. 108 નવાર્ણ મંત્રની એક માળાનો હોમ કરવાથી જીવનમાં આવતા અવરોધો દૂર થાય છે. શક્તિ અને સત્વનો આ સંગમ માનવજાત માટે કલ્યાણકારી માનવામાં આવે છે.

# અટલાદરા સ્વામિનારાયણ મંદિરે ભગવાન સ્વામિનારાયણના 245મા પ્રાગટ્ય દિવસે ભવ્ય અન્નકૂટ દર્શન

**‘મારા** ભગવાન ને, મારા વાસણ માં, મારો થાળ’ વિચાર સાથે 3245 પ્રકારના વ્યંજનોનો અદભૂત અન્નકૂટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

ચૈત્ર સુદ નવમી નિમિત્તે ભગવાન સ્વામિનારાયણના ૨૪૫મા પ્રાગટ્ય દિવસે બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર, અટલાદરા ખાતે ભવ્ય અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. “મારા ભગવાન ને, મારા વાસણ માં, મારો થાળ” મધ્યવર્તી વિચાર અંતર્ગત ભાવિક ભક્તોએ પોતાના ઘરમાંથી વિવિધ વ્યંજનો ભક્તિભાવથી અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે ૮૨૫ પ્રકારની મીઠાઈઓ, ૨૦૫૦ પ્રકારના ફરસાણ, ઉપરાંત સૂકો મેવો, ફળ, મુખવાસ, કેક સહિત કુલ ૩૨૪૫ પ્રકારના વ્યંજનોનો ભવ્ય અન્નકૂટ તૈયાર કરવામાં આવ્યો હતો. સવારે બરાબર ૧૧:૧૫ વાગ્યે સુંદર સજાવટ સાથે અન્નકૂટ ગોઠવાયા બાદ પૂજ્ય સંતોએ આરતી ઉતારી હતી. સમગ્ર દિવસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી ભવ્ય અન્નકૂટના દર્શનનો લાભ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે રામનવમી નિમિત્તે બપોરે ૧૨ વાગ્યે મંદિર પરિસરમાં ભગવાન રામલલ્લાની પૂજ્ય સંતો તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશેષ આરતી પણ યોજાઈ હતી.



### ગામડા સારા હતા, શહેરમાં ભળીને પસ્તાવો

# ભાયલી વિસ્તારમાં 10 દિવસથી પાણીના ધાંધિયા, કોર્પોરેશન સામે જનઆક્રોશ

**બે દિવસમાં** ઉકેલ નહીં આવે તો ખંડેરાવ માર્કેટમાં માટલા ફોડી વિરોધ કરવાની રહીશોની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા તા.26

સ્માર્ટ સિટી ગણાતા વડોદરા શહેરના વોર્ડ નંબર 12માં આવતા ભાયલી સ્ટેશન વિસ્તારમાં છેલ્લા 10 દિવસથી પાણીનો સપ્લાય સંપૂર્ણપણે ઠપ થઈ જતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉનાળાની શરૂઆતમાં જ પીવાના પાણી માટે વલખાં મારતા રહીશોએ આજે વડોદરા મહાનગરપાલિકા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

સ્થાનિક મહિલાઓ અને રહીશોનો આક્ષેપ છે કે કોર્પોરેશન દ્વારા સમયસર વેરાની વસૂલાત કરવામાં આવે છે, પરંતુ પાયાની સુવિધા જેવી કે પાણી પૂરી પાડવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે. ગૃહિણીઓએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, “છેલ્લા 10 દિવસથી પાણી નથી આવતું, જેના કારણે ઘરકામ અટકી પડ્યા છે. કપડાંના ઢગલા થઈ ગયા છે અને પીવા માટે પણ પાણી ક્યાંથી લાવવું તે પ્રશ્ન ઉભો થયો છે.”

સ્થાનિક આગેવાન રાકેશ ઠાકોરે આ મુદ્દે તંત્ર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, રહીશોની રજૂઆત બાદ તંત્ર દ્વારા મોડી રાત્રે 11 કે 12 વાગ્યે પાણીના ટેંકર મોકલવામાં આવે છે, જે જનતાની ક્રૂર મજાક સમાન છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અધિકારીઓ અને નેતાઓ માત્ર ચૂંટણી સમયે જ મત માંગવા આવે છે, પરંતુ અત્યારે જ્યારે જનતા મુશ્કેલીમાં છે ત્યારે કોઈ ડોકાતું નથી. ભાયલીના રહીશોએ રોષ સાથે જણાવ્યું કે જ્યારે આ વિસ્તાર ગ્રામ પંચાયતમાં હતો ત્યારે સુવિધાઓ સારી મળતી હતી. કોર્પોરેશનમાં ભળ્યા બાદ માત્ર વેરા વધ્યા છે પણ સુવિધાઓ ઘટી છે. જો બે દિવસમાં પાણીની સમસ્યાનું કાયમી નિવારણ નહીં આવે, તો રહીશો મોટી સંખ્યામાં ખંડેરાવ માર્કેટ સ્થિત કોર્પોરેશનની મુખ્ય કચેરીએ જઈ માટલા ફોડી ઉગ્ર આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

### છેલ્લા 30 વર્ષથી વિરોધ પક્ષ સત્તામાં ના આવતા બ્રહ્મ ફેલાવવાનો પ્રયાસ?

# ગોત્રી વિસ્તારમાં ખુલ્લી ગટર અને બિસમાર રસ્તાઓને લઈ જનતા પરેશાન

**એમ્બ્યુલન્સના** માર્ગ પર જોખમી ગટરના કારણે અકસ્માતની ભીતિ



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં પ્રાથમિક સુવિધાઓની ઉણપ નાગરિકો માટે મુશ્કેલી ઊભી કરી રહી છે. ગોત્રી વિસ્તારમાં ઈ.એસ.આઈ. હોસ્પિટલ જતાં મુખ્ય માર્ગ પર ખુલ્લી ગટર અને તૂટી ગયેલા ઢાંકણાને કારણે રાહદારીઓ અને વાહનચાલકો માટે ગંભીર જોખમ ઊભું થયું છે. વોર્ડ નંબર 10ના સ્થાનિકો તથા આગેવા હાર્દિકભાઈએ તંત્ર પર આ બેદરકારીને લઈને આકરા પ્રહાર કર્યા છે.

આ માર્ગ પરથી રોજ એમ્બ્યુલન્સ અને ગંભીર દર્દીઓ પસાર થાય છે. તૂટી ગયેલું ગટરની ઢાંકણું મોટા દુર્ઘટનાનો કારણ બની શકે છે. સ્થાનિકો પ્રશ્ન કરે છે કે કોઈ જીવ નુકસાન થાય તો તેની જવાબદારી કોણ લેશે? અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા યોગ્ય પગલાં ન લેવાતા લોકોએ આક્ષેપ કર્યો છે. છેલ્લા 30 વર્ષથી તેઓએ ભાજપને વોટ આપ્યા છે, પરંતુ લોકોને તેની બદલામાં જરૂરી સુવિધા મળી નથી. રસ્તાઓની હાલત એટલી ખરાબ છે કે લોકો દરરોજ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ગટરની આસપાસ કચરો અને ગંદકી જોવા મળે છે, જે ‘સ્વચ્છ ભારત’ અને ‘સ્વચ્છ વડોદરા’ના દાવાઓની ખોટ ખુલ્લી કરે છે. લોકોએ માંગ કરી છે કે તૂટી ગયેલું ગટર તાત્કાલિક મરામત કરવામાં આવે અને બેદરકાર અધિકારી અથવા કોન્ટ્રાક્ટરને સસ્પેન્ડ કરવામાં આવે. વર્ષોથી થતી બેદરકારી અંગે, લોકોએ વડોદરાની જનતાને પણ અપીલ કરી છે કે વેરા ભર્યા હોવા છતાં સુવિધા ન મળે, તો શાસકોને જાગૃત કરવું જરૂરી છે. બીજી તરફ, ચૂંટણીના સમયગાળા નજીક આવતા, વિરોધ પક્ષ કાવતરાઓ ઉકેલવા માટે અનેક વિસ્તારોમાં સમસ્યાઓ પર ભાર મૂકે છે, જેમાં પાણી અને માર્ગના પ્રશ્નો અંગે ભ્રમ ફેલાવવામાં આવે છે.

### વડોદરા મહાનગરપાલિકાની પર્યાવરણલક્ષી પહેલ

# અટલાદરામાં મિયાવાકી પદ્ધતિથી તૈયાર થયું 1000 વૃક્ષોનું મિની જંગલ

**CSR** પ્રોજેક્ટ હેઠળ 38 વિવિધ પ્રજાતિના વૃક્ષોનું વાવેતર કરી શહેરના તાપમાનને ઘટાડવા ભગીરથ પ્રયાસ



(પ્રતિનિધિ) વડોદરા. તા.25

વધતા જતા શહેરીકરણ અને ગ્લોબલ વોર્મિંગના જોખમો સામે વડોદરા મહાનગરપાલિકાએ હવે ‘ગ્રીન બેલ્ટ’ વિકસાવવા માટે કમર કસી છે. શહેરના પ્રદૂષણને ઘટાડવા અને હરિયાળી વધારવા માટે પાલિકાના પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગ દ્વારા ‘ડેન્સ ફોરેસ્ટ’ (ગાઢ જંગલ) વિકસાવવાનો નૂતન અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે અંતર્ગત અટલાદરા વિસ્તારમાં જાપાનીઝ ટેકનિક ‘મિયાવાકી’ પદ્ધતિથી એક ભવ્ય વન ઉભું કરવામાં આવ્યું છે. અટલાદરાના બિલ કેનાલ રોડ પર, યુરો એલાઈટ બિલ્ડીંગ પાસે (બીલ ટી.પી-01, એફ.પી.114) આ પ્રોજેક્ટ સાકાર થયો છે. આ માત્ર સરકારી પ્રોજેક્ટ નથી, પરંતુ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત Xylem Water Solutions અને CATCH Foundation ના સંયુક્ત સહયોગથી તૈયાર કરવામાં આવેલી એક પર્યાવરણીય ભેટ છે. મિયાવાકી પદ્ધતિ એ ઓછા વિસ્તારમાં વધુ વૃક્ષો ઉગાડવાની જાપાનીઝ પદ્ધતિ છે. આ પદ્ધતિમાં વૃક્ષો સામાન્ય કરતા 10 ગણી ઝડપથી વધે છે અને 30 ગણી વધુ હરિયાળી આપે છે. અટલાદરા ખાતે આશરે 1000 જેટલા વૃક્ષોનું વાવેતર અત્યંત નજીક-નજીક કરવામાં આવ્યું છે, જે આગામી થોડા જ સમયમાં એક ગાઢ જંગલનું સ્વરૂપ ધારણ કરી લેશે. આ ફોરેસ્ટમાં માત્ર શોભના જ નહીં, પરંતુ પર્યાવરણ અને પક્ષીઓ માટે આશીર્વાદરૂપ એવી ૩૮ વિવિધ જાતની વનસ્પતિઓ રોપવામાં આવી છે.

જેમાં મુખ્યત્વે, લીમડો, અર્જુન, પીપળ, વડ અને શિશમ, આસોપાલવ, કાંચનાર, સરગવો, બોરસલી, ગુલમોહર અને જાંબુ. આના થી શહેરીજનોને અદભૂત ફાયદા થવાના છે જેમ કે, ગાઢ જંગલ હોવાને કારણે આ વિસ્તારમાં પ્રાણવાયુ (ઓક્સિજન) નું સ્તર નોંધપાત્ર રીતે વધશે. સિમેન્ટના જંગલો વચ્ચે આ મિની ફોરેસ્ટ ‘કુલિંગ પેચ’ તરીકે કામ કરશે અને સ્થાનિક તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો લાવશે. વિવિધ પ્રકારના વૃક્ષોને કારણે પક્ષીઓ, પતંગિયા અને અન્ય જીવસૃષ્ટિ માટે આ એક આદર્શ આશ્રયસ્થાન બનશે.

### મોબાઇલ નેટવર્કની હકીકત બહાર

# વડોદરા-અમદાવાદ એક્સપ્રેસવે પર વોઈસ સેવાઓમાં BSNL પાછળ

**TRAIના** ડ્રાઇવ ટેસ્ટમાં કંપનીઓનું પ્રદર્શન જાહેર

**લેટન્સી** માપદંડમાં પણ RGILનું પ્રદર્શન ઉત્તમ

BSNL માટે આ દર 89.80 ટકા રહ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ભારતીય દૂરસંચાર વિનિયામક પ્રાધિકરણ (ભાદૂવિપ્રા) દ્વારા ફેબ્રુઆરી 2026 દરમિયાન વડોદરા થી અમદાવાદ નેશનલ એક્સપ્રેસવે-1 માર્ગ પર કરવામાં આવેલા સ્વતંત્ર ડ્રાઈવ ટેસ્ટ (IDT) ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. અહેવાલ મુજબ વોઈસ સેવાઓમાં કોલ સેટઅપ સક્સેસ રેટ એરટેલ, આરજીઆઈએલ અને વિઆઈએલ કંપનીઓ માટે 100 ટકા નોંધાયો હતો, જ્યારે BSNL માટે આ દર 89.80 ટકા રહ્યો હતો. કોલ ડ્રોપ રેટ મામલે BSNLમાં 22.73 ટકા નોંધાતા અન્ય કંપનીઓની સરખામણીએ નબળું પ્રદર્શન સામે આવ્યું છે.

ડેટા સેવાઓના આંકડાઓ મુજબ 5G ડાઉનલોડ સ્પીડમાં આરજીઆઈએલ 191.73 Mbps સાથે પ્રથમ સ્થાને રહ્યું, જ્યારે એરટેલ 97.38 Mbps અને વિઆઈએલ 31.42 Mbps નોંધાયા હતા. લેટન્સી માપદંડમાં પણ આરજીઆઈએલનું પ્રદર્શન ઉત્તમ રહ્યું છે. આ સર્વેમાં પોઈચા, ચીખોદ્રા, નડિયાદ, મોડાજ અને ગેરાટનગર સહિત વડોદરા-અમદાવાદ માર્ગના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેના આધારે મુસાફરોને મળતી નેટવર્ક સેવાઓની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થઈ છે.

### સતત છઠ્ઠા વર્ષે દિકરીઓના સન્માનનો ભવ્ય ઉત્સવ યોજાયો

# વડોદરાના આંગણે 111 શક્તિ સ્વરૂપ કુંવારિકાઓનું પૂજન, અર્ચન અને વંદન

**બરોડા** યુથ ફેડરેશન દ્વારા ચૈત્ર નવરાત્રીની અષ્ટમીએ પરંપરા અને આધુનિકતાનો સમન્વય




(પ્રતિનિધિ) વડોદરા. તા.26

વડોદરા શહેર તેની સમૃદ્ધ સંસ્કૃતિ અને સંસ્કારો માટે જાણીતું રહ્યું છે. ‘ચૈત્ર નવરાત્રી’ના પાવન અવસરે સમગ્ર શહેરમાં ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે ‘બરોડા યુથ ફેડરેશન’ દ્વારા અષ્ટમીના દિવસે 111 કુંવારિકાઓના પૂજન અને સન્માનનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. નવરાત્રી દરમિયાન કુંવારિકા પૂજનનું વિશેષ ધાર્મિક મહત્વ હોય છે, જેને અનુસરતા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રુક્મિલ શાહના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં નાની બાળાઓને માતાજીના સ્વરૂપ તરીકે માન આપી કુમકુમ તિલક અને પુષ્પોથી પૂજન કરવામાં આવ્યું. બાદમાં તમામ દિકરીઓને મહાપ્રસાદ રૂપે ભોજન કરાવવામાં આવ્યું અને સંસ્થાની તરફથી ‘ગુપ્ત દાન’ તથા ભેટો અર્પણ કરવામાં આવી.

આ પ્રસંગે રુક્મિલ શાહએ જણાવ્યું કે આધુનિક યુગમાં પ્રગતિ સાથે પરંપરાઓનું જતન કરવું જરૂરી છે. દિકરી શક્તિ અને સમૃદ્ધિનું પ્રતિક છે. ‘વાસુ હેલ્થ કેર’ના સહયોગથી બાળાઓને હેલ્થ-હાઈજીન કિટ આપવામાં આવી, જેથી સ્વચ્છતા અંગે જાગૃતિ વધે.

છેલ્લા 5 વર્ષથી ચાલી રહેલી આ પરંપરા આ વર્ષે 6ઠ્ઠા વર્ષમાં પ્રવેશી છે. અનેક સ્વયંસેવકોના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો.

# સ્માર્ટ મીટર ધારકોને આગાઉ મળતું 2% રિબેટ વધારીને 3% કરી દેવાયુ

**ગુજરાત** વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા વર્ષ 2026-27 માટેનો નવા ટેરિફ ઓર્ડર 1 એપ્રિલથી અમલી

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા વર્ષ 2026-27 માટેના નવા ટેરિફ ઓર્ડરની જાહેરાત કરવામાં આવી છે. આ નવા ફેરફારોમાં ખાસ કરીને સ્માર્ટ મીટરનો ઉપયોગ કરનારા ગ્રાહકો અને દિવસ દરમિયાન વધુ વીજળી વાપરનારા ઉદ્યોગો તેમજ રહેણાંક ગ્રાહકોને મોટી રાહત આપવામાં આવી છે. રાજ્ય સરકારના આ નવા નિયમો આગામી 1 એપ્રિલ, 2026 થી સમગ્ર ગુજરાતમાં અમલી બનશે.

સરકાર દ્વારા સ્માર્ટ મીટરના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે રિબેટમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ સ્માર્ટ મીટર ધારકોને જે 2% રિબેટ મળતું હતું, તેને વધારીને હવે 3% કરી દેવામાં આવ્યું છે. આ ફેરફારથી મધ્યમ વર્ગના પરિવારોના વીજ બિલમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે. નવા ટેરિફ મુજબ, ‘ટાઈમ ઓફ યુઝ ડિસ્કાઉન્ટના કલાકોમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ આ ડિસ્કાઉન્ટ માત્ર 4 કલાક માટે મળતું હતું, જે હવે વધારીને 6 કલાક કરવામાં આવ્યું છે. ખાસ કરીને બપોરે 11 થી સાંજે 5 વાગ્યા સુધી વીજ વપરાશ કરનારા ગ્રાહકોને વધારાનું ડિસ્કાઉન્ટ મળશે. આ નિર્ણય પાછળનો હેતુ સોલર એનર્જીના ઉત્પાદન સમય દરમિયાન વીજ વપરાશ વધારવાનો છે. પર્યાવરણને અનુકૂળ વીજળીનો ઉપયોગ વધારવા માટે ગ્રીન પાવર ટેરિફ દરમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. અગાઉ આ દર રૂ. 0.90 પ્રતિ યુનિટ હતો, જે હવે ઘટાડીને રૂ. 0.75 પ્રતિ યુનિટ કરવામાં આવ્યો છે. જીઈઆરસીના આ ગ્રાહકલક્ષી નિર્ણયોથી રાજ્યના કરોડો વીજ ગ્રાહકોને આર્થિક ફાયદો થશે. જોકે, ફિક્સ ચાર્જ અને અન્ય સ્લેબમાં કોઈ મોટો ફેરફાર કરવામાં આવ્યો નથી, જે રાહતની વાત છે.

### હવે વિશ્વામિત્રીના કિનારે નિખરશે વડોદરાની સુંદરતા

# સિનિયર સિટીઝન પાર્કથી લઈને રિવરફ્રન્ટ સુધીના પ્રોજેક્ટને અપાઈ ગતિ

**મ્યુનિસિપલ** કમિશનરના આદેશથી શોર્ટ ટર્મ કામો અંતિમ ચરણમાં; નદીમાં પ્રદૂષણ મુક્ત જળ વહેતું રાખવાનો નિર્ધાર



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીને ફરી જીવંત અને સુંદર બનાવવા માટે વડોદરા મહાનગરપાલિકાએ કમર કસી છે. મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં નદી પ્રોજેક્ટને નવી ગતિ આપવા માટે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં જાણીતા પર્યાવરણવિદ રોહિત પ્રજાપતિ અને શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં નદીના શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ડેવલપમેન્ટ પ્લાન પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકનો મુખ્ય એજન્ડા વિશ્વામિત્રી નદીમાં વર્ષના 365 દિવસ 24 કલાક પાણી વહેતું રહે તે માટેના આયોજનનો હતો. કમિશનરે જણાવ્યું હતું કે, નદી માત્ર વડોદરાની ઓળખ નથી, પણ શહેરની પરંપરા અને ભાવના સાથે જોડાયેલી છે. નદીને સ્વચ્છ કરવા અને જળચર જીવો ખાસ કરીને મગર ને નુકસાન ન થાય તે રીતે વિકાસ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. નદીના કાંઠા વિસ્તારને લોકભોગ્ય બનાવવા માટે ખાસ આયોજન હાથ ધરાયું છે. જેમાં વિશ્વામિત્રીના કિનારે મગરો માટે સુરક્ષિત ‘ક્રોકોડાઈલ પાર્ક’, બાળકો માટે ચિલ્ડ્રન પાર્ક, વરિષ્ઠ નાગરિકો માટે બેઠક વ્યવસ્થા અને આરોગ્યપ્રેમીઓ માટે આધુનિક જોગિંગ ટ્રેક બનાવવાની સૂચનાઓ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટથી શહેરની સુંદરતામાં અનેરો વધારો થશે. નવલાવાલા કમિટી દ્વારા સૂચવવામાં આવેલા ‘શોર્ટ ટર્મ મેજર્સ’ હેઠળ લગભગ 90% કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. બાકીનું 10% કામ યુદ્ધના ધોરણે પૂરું કરવા નિર્દેશ અપાયા છે. જ્યારે ‘લોંગ ટર્મ’ આયોજનમાં નદી પર ચેકડેમ બનાવવા, પથ્થરોની રક્ષણાત્મક દીવાલ અને પ્રોટેક્શન વોલના નિર્માણ માટે મલ્ટીપલ ડેવલપર્સ દ્વારા કામગીરી હાથ ધરાશે.

# એડવોકેટની રજૂઆત બાદ વડોદરાને AIBE માટે પરીક્ષાનું કેન્દ્ર અપાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.26

વડોદરાના એડવોકેટ વિરાજ ઠક્કર દ્વારા શહેરના સાંસદ હેમાંગ જોષીને પત્રથી જાણ કરવામાં આવી હતી કે, એઆઈબીઈ માટે પરીક્ષાનું સેન્ટર વડોદરા ખાતે આપવામાં આવે. જેને અનુલક્ષીને વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષીએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન તથા રાજ્ય સભાના સાંસદ મનન કુમાર મિશ્રાને આ બાબતે પત્ર લખીને રજૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ ફેબ્રુઆરી-26 માં વડોદરા વકીલ મંડળના પ્રમુખ હસમુખભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને વડોદરા વકીલ મંડળના સભ્યોએ ઠરાવ કર્યો હતો અને તે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તથા સાસંદ હેમાંગ જોષીને મોકલવામાં આવ્યો હતો. જે બાબતે ડો.હેમાંગ જોષીએ પણ ફરી રજૂઆત કરતા તમામના સંયુક્ત પ્રયાસોના અંતે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા વડોદરામા એક્ઝામ સેન્ટર આપવામાં આવતા વકીલ વર્તુળો દ્વારા સાસંદ ડો.હેંમાગ જોશીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મહિલા દિને ગંગાસ્વરૂપ બહેનો સાડી અને રાશન કિટનું વિતરણ

**બેન્કર્સ** ગ્રુપ ઓફ હોસ્પિટલ અને યશ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સેવાકીય કાર્યક્રમ



(પ્રતિનિધિ) વડોદરા તા.26

પાદરા જાસપુર ગામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે એક વિશેષ સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્કર્સ ગ્રુપ ઓફ હોસ્પિટલ અને યશ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ગામની ગંગાસ્વરૂપા બહેનો અને સખી મંડળની મહિલાઓને સાડી તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટ આપી સન્માનિત કરવામાં આવી હતી.

યશ ચેરિટેબલ ટ્રસ્ટ અને બેન્કર્સ ગ્રુપ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી જાસપુર ગામમાં આ પ્રકારે મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ પરંપરા જાળવી રાખીને ગામની જરૂરિયાતમંદ બહેનોને બે-બે સાડી, અનાજની કીટ, મસાલા, ચોખા અને તાજા શાકભાજીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેન્કર્સ ગ્રુપ ઓફ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડો. પારુલ બેન્કરે જણાવ્યું હતું કે, વિષમ પરિસ્થિતિઓમાં પણ અડગ રહીને પરિવારને સંભાળતી મહિલાઓની આંતરિક શક્તિને બિરદાવવાનો એક નાનો પ્રયાસ છે.

આ કાર્યક્રમમાં બેન્કર્સ ગ્રુપના સીએફઓ અનુષ્કા બેન્કર, છાયાબેન, શ્રેયાબેન, ઉષાજી અને સીમા મેડમ સહિતની અગ્રણી મહિલાઓ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહી હતી. જાસપુર ગ્રામ પંચાયતના સરપંચ અને ગ્રામજનોએ આ સેવાકીય કાર્યમાં પૂરતો સહયોગ આપ્યો હતો.